GJSK020009392026

सत्यमेव जयते

**મે.બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી કે.એન.દવે ની કોર્ટ માં, હિંમતનગર**

| | |
|---|---|
| પ્રાપ્તી તારીખ | ૧૭/૦૧/૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૧૭/૦૧/૨૦૨૬ |
| ફેસલ તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૫ | ૧૬ |

ફોજદારી પરચુરણ અરજી નં. ૯૦/૨૦૨૬
આંક–૧૬

| | |
|---|---|
| અરજદાર :– | મોહંમદ ઈર્શાદ અબ્દુલ રહીમ દેવલા<br>ઉ.વ. આશરે – ૪૨ વર્ષ, ધંધો– વેપાર,<br>રહે. સુનેહરી સ્ટ્રીટ , પોલો ગ્રાઉન્ડ ,મુ.પો.<br>હિંમતનગર , જી.સાબરકાંઠા |
| વિ....રુ....ધ્ધ | |
| સામાવાળા :– | ૧. મદ્રેસા હાઈસ્કુલ,<br>મું. તા. હિંમતનગર, જી. સાબરકાંઠા. |

| | |
|---|---|
| | **૨. જન્મ મરણ નોધણી અધિકારી શ્રી**<br>**હિંમતનગર નગરપાલીકા, મુ.તા. હિંમતનગર,**<br>**જી. સાબરકાંઠા.**<br>**૩. જીલ્લા શિક્ષણ અધિકારી શ્રી**<br>**જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી,**<br>**મું.તા. હિંમતનગર, જી. સાબરકાંઠા.** |
| **અરજ:– ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન ૧૯૭૪ ના નિયમ (૧૨) કલોઝ, ૫, ૬ મુજબ** | |
| **<u>રજુઆત :–</u>**<br>**અરજદાર તર્ફે વિ.વ.શ્રી એસ.એમ.ચાંદવાલા**<br>**સામાવાળાઓ તર્ફે હાજર નથી.** | |

**:: ઠરાવ ::**

**(૧) <u>અરજદારની અરજીની હકીકત ટૂંકમાં એવી છે કે,</u>**

આ કામના અરજદાર ઉપરોકત સરનામે રહે છે અને વેપાર કરે છે. સદર અરજદારનો જન્મ તા.૨૩/૧૦/૧૯૮૩ ના રોજ બિના નર્સિંગહોમ. હિંમતનગર મુકામે થયેલ છે અને જન્મની નોંધણી હિંમતનગર નગરપાલિકામાં તા.૨૫/૧૦/૧૯૮૩ ના રોજ નોંધણી ક્રમાંક નં.૨૫૨૩ થી કરવામાં આવેલ છે.

વધુમાં, આ કામના અરજદારને જે તે સમયે મદ્રેસા હાઈસ્કૂલ, મું.તા. હિંમતનગર માં અભ્યાસ માટે અરજદારનુ નામ દાખલ કરેલ તે સમયે અરજદારની જન્મ તા.૨૩/૧૦/૧૯૮૩ ની જગ્યાએ ભુલથી તા.૨૩/૦૯/૧૯૮૩ લખાઈ ગયેલ છે તે ભુલ બાબતે તેઓએ આ અગાઉ

કોઈ માહિતી ન હતી પરંતુ સદર અરજદારને પાસપોર્ટ કઢાવવા માટે અરજી કરેલ ત્યારે દસ્તાવેજો એકત્રીત કરતાં જન્મના દાખલા તથા લીવીંગસર્ટીમાં જન્મ તારીખ અલગ હોવાનું તેઓને ખબર પડેલ અને સદર અરજદારના સ્કુલ લીવીંગસર્ટીમાં તથા જનરલ રજીસ્ટરમાં જન્મ તા.૨૩/૦૯/૧૯૮૩ છે એવો ખોટો ઉલ્લેખ થયેલ છે. જેનો સુધારો કરવો ખુબ જરૂરી છે અને તે માટે નામ.કોર્ટથી સર્ટીફીકેટ મેળવી સામાવાળા નં.૧ ઉપર લીવીંગ સર્ટીફીકેટ તથા જનરલ રજીસ્ટરમાં અરજદારની જન્મતારીખમાં સુધારો કરવા માટે હાલની આ અરજી નામ. કોર્ટમાં દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

સદર અરજદારના જન્મતારીખમાં જે સુધારો કરાવવા માગે છે તે જન્મના પ્રમાણપતના આધારે છે અને લીવીંગ સર્ટીફીકેટમાં નોધાયેલ જન્મતારીખ શરત ચુકથી ખોટું લખાઈ ગયેલ છે. એટલે કે, અરજદારે લીવીંગ સર્ટીફીકેટમાં જન્મતારીખમાં સુધારી કરાવવા પાછળ કોઈ બદઆશય કે બદઈરાદો નથી પરંતું જે ભુલ થઈ તે બોનાફાઈડ છે અને જેનો સુધારી કરાવવા પાછળ માલાફાઈડ આશય નથી.

**દાદ ::–**

(અ) અરજદારના જન્મના પ્રમાણપત્ર મુજબ અરજદારની તા.૨૩/૧૦/૧૯૮૩ ના રોજ છે તેવું ઠરાવી આપવા એવો સુધારો કરી અરજ ગુજારેલ છે.

(બ) આ કામના સામાવાળાનં.૨ ની તાબાના સામાવાળાનં.૧ ના ઓની સ્કુલમાં રાખવામાં આવતું જનરલ રજીસ્ટરમાંથી આપેલ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં જન્મતારીખમાં તા. ૨૩/૦૯/૧૯૮૩ ના રોજ ની જગ્યાએ તા. ૨૩/૧૦/૧૯૮૩ ના રોજનો સુધારી કરી તે મુજબનું નવું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ આ કામના અરજદારને કાઢી આપે તેવો ન્યાયના હિતમાં તેવો આદેશાત્મક હુકમ આ કામના સામાવાળાનં.૧

ને ફરમાવવા અરજ ગુજારેલ છે.

(ક) નામદાર કોર્ટને યોગ્ય અને મુનાસિબ લાગે તેવી અન્ય દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) અરજદારની હાલની આ અરજી સંદર્ભે આ કામનાં સામાવાળા ઓને નોટીસ કાઢવામાં આવેલ છે અને નોટીસની બજવણી થતાં આ કામના સામાવાળાઓ હાજર થયેલા છે. તેમાં સામાવાળા નં. ૩ તરફે આંક–૧૪ થી લેખીત જવાબ રજુ રાખેલ છે.

(૩) હાલની અરજીના કામે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| અ.નં | સાહેદનું નામ અને વિગત | આંક |
|---|---|---|
| ૧. | **અરજદાર મોહંમદ ઈર્શાદ અબ્દુલ રહીમ દેવલાનાઓનું સરતપાસનું સોગંદનામુ** | **૦૪** |
| ૨. | **સામાવાળા નં. ૨ જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી , હિંમતનગર નગર પાલિકા તરફે સુલક્ષણાબેન યોગેશકુમાર બેંકર નાઓનું સરતપાસનું સોગંદનામુ** | **૦૫** |
| ૩. | **સામાવાળા નં. ૧ મદ્રેસા હાઈસ્કુલ તરફે અબ્દુલમીયા અહેમદ રણાસીયા નાઓનું સરતપાસનું સોગંદનામુ** | **૦૬** |
| ૪. | **અરજદારના પિતા અબ્દુલ રહીમ મોહમ્મદ ઉસ્માન દેવલા નાઓનું સરતપાસનું સોગંદનામુ** | **૧૪** |

## –:: દસ્તાવેજી પુરાવો ::–

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | **સબરજીસ્ટ્રાર જન્મ મરણ હિંમતનગર પાલિકા નું જન્મ અને મરણ રજીસ્ટર ની સંબંધિત પાનાની નકલ** | **૧૦** |
| ૨ | **સબરજીસ્ટ્રાર જન્મ મરણ હિંમતનગર પાલિકા થી આપવામાં આવેલ અરજદાર ના નામનું જન્મ નું પ્રમાણપત્ર** | **૧૧** |
| ૩ | **મદ્રેસા હાઈસ્કુલ નું જનરલ રજીસ્ટરના સંબંધિત પાનાની નકલ** | **૧૨** |

(૪) ઉપરોકત પુરાવાઓ સિવાય અરજદાર તર્ફે અન્ય કોઈ પુરાવા રજુ થયેલ નથી અને આંક– ૧૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. આ કામે અરજદાર તર્ફે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા,

<u>૪.૧</u> આ કામના **અરજદાર મોહંમદ ઈર્શાદ અબ્દુલ રહીમ દેવલાનાઓનું સરતપાસનું સોગંદનામુ આંક–૦૪** થી તથા આ કામના **અરજદારના પિતા અબ્દુલ રહીમ મોહમ્મદ ઉસ્માન દેવલા નાઓનું સર તપાસનું સોગંદનામુ આંક–૧૪** થી રજુ રાખેલ છે સદર સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં તઓએ અરજદાર ની અરજીની હકીકતોને સમર્થનકારી પુરાવો પુરો પાડેલ છે.

<u>૪.૨</u> આ કામે સામાવાળા નં. ૧ મદ્રેસા હાઈસ્કુલ તરફે **આંક– ૭** થી **મદ્રેસા હાઈસ્કુલ તરફે અબ્દુલમીયા અહેમદ રણાસીયા નાઓનું** સરતપાસનું સોગંદનામુ રજુ રાખેલ છે. તેમજ આંક–૧૨ થી સ્કૂલના જનરલ રજીસ્ટરના

સંબંધીત પાનાની નકલ રજુ રાખેલ છે. જે ધ્યાને લેતાં અરજાદાનું નામ અનુક્રમ નં. ૨૮૩૩ પર આવેલ છે. તેમજ જન્મ તારીખના કોલમમાં ‘‘23–09–1983’’(TWENTY–THIRD–SEPTEMBER–ONE THOUSAND NINETEEN HUNDRED EIGHTY THREE) દર્શાવેલ છે.

<u>૪.૩</u> આ કામે **સામાવાળા નં. ૨ સબ રજીસ્ટ્રાર, જન્મ મરણ, હિંમતનગર નગરપાલિકા, હિંમતનગર, જી.સાબરકાંઠા** તરફે **આંક–૫** થી સુલક્ષણાબેન યોગેશકુમાર બેંકર નાઓનું સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. તેમજ વધુમાં**, આંક–૧૦** થી તેઓની કચેરીમાં નિભાવવામાં આવતા જન્મ–મરણ રજીસ્ટરમાં સંબંધીત પાનાની નકલ રજુ રાખેલ છે જેધ્યાને લેતાં આ કામના અરજદારના નામનો અનુક્રમ નં.૨૫૨૩ છે તેમજ જન્મ તારીખના કોલમમાં " **૨૩/૧૦/૧૯૮૩** " દર્શાવેલ છે. વધુમાં **આંક–૧૧** થી તેઓની કચેરી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ જન્મ પ્રમાણ પત્ર રજુ રાખેલ છે જે ધ્યાને લેતાં આ કામના અરજદારની જન્મ તારીખ 23–10–1983 (TWENTY–THIRD–OCTOBER–ONE THOUSAND NINE HUNDRED EIGHTY THREE) દર્શાવેલ છે.

<u>૪.૪</u> આ કામે **સામાવાળા નં. ૩ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, હિંમતનગર** નાઓને હાલના કામની નોટીસ બજતા તેઓએ હાજર થઈ અરજી લંદંર્ભે **આંક– ૧૪** થી તેઓનો લેખિત જવાબ રજુ કરેલ છે. તેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, શાળા છોડયા પછી વિદ્યાર્થી ના નામ, અટક,જન્મ તારીખ કે તેના રેકર્ડમાં કોઈ ફેરફાર કરવાની સત્તા તેમને નથી.

(૫) આમ, ઉપરોકત હકીકતો તેમજ રજુ તમામ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતાં, એ હકીકત સ્પષ્ટપણે જણાય છે કે, અરજદારની જન્મ તારીખ ૨૩/૧૦/૧૯૮૩ છે જે સાચી અને ખરી છે પરંતુ તેઓના રેકર્ડ એટલે કે આ

કામનાં સામાવાળાનં.૧ નાં રેકર્ડ જનરલ રજીસ્ટર અને શાળા છોડયાનાં પ્રમાણપત્રમાં શરતચુકથી જન્મ તારીખના કોલમમાં "૨૩/૦૯/૧૯૮૩ " લખાયેલ છે.

હાલની અરજી સંદર્ભે અત્રેની અદાલતે નામદાર ગુજરાત હાઈકોર્ટના નીચે જણાવેલ ચુકાદાઓ માનભેર વંચાણે લીધેલ છે.

**Regional Passport Officer Vs Kokilaben J Panchal- 2009 (2) GLR 1246**

**- Nitaben Nareshbhai Patel Vs State of Gujarat - 2008 (1) GLR 884**

**- Minor Jagdishbhai Prabhatbhai Gohil Vs State of Gujarat**

ઉપરોકત તમામ ચુકાદાઓને માનભેર વંચાણે લેતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે, શાળાના રેકર્ડમાં દાખલ થયેલ જન્મ સ્થળ, પિતાના નામમાં તથા માતાના નામમાં જો વિદ્યાર્થી એ શાળા છોડી દીધેલ હોય તો ત્યારબાદ તેમાં શાળા દ્વારા કોઈ ફેરફાર કરી શકાશે નહિ પરંતુ તેવા સુધારા માટે સાચુ જન્મ સ્થળ, પિતાનુ નામ તથા માતાનું નામના પુરાવા સાથે સ્થાનિક હકુમત ધરાવતી કોર્ટના જયુ.મેજી.ફર્સ્ટ કલાસ કોર્ટને અરજી કર્યેથી આવા કિસ્સાઓમાં પુરાવા ધ્યાને રાખી ને સુધારો કરવાની સત્તા આપવામાં આવેલ છે.

આમ, ઉપરોકત તમામ ચર્ચા, હકીકતો અને રજુ દસ્તાવેજી પુરાવાનાં આધારે અરજદાર ની અરજી અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## ::: આખરી હુકમ :::

(૧) અરજદારની અરજી "મંજુર" કરવામાં આવે છે.

(૨) આથી આ કામના સામાવાળા નં.૧ નાઓને હુકમ કરવામાં આવે છે કે, તેઓની શાળામાં નિભાવવામાં આવતાં જનરલ રજીસ્ટરમાં અરજદારના

જન્મ તારીખના કોલમમાં જે "૨૩/૦૯/૧૯૮૩ '' લખેલ તે ખોટું નોંધાયેલ હોઈ તેની જગ્યાએ સાચી અને ખરી જન્મ તારીખ "૨૩/૧૦/૧૯૮૩" ની વિગતવાર નોંધ કરી તે મુજબનું નવું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ અરજદારને સામાવાળા નં.૧ નાઓ ઈસ્યુ કરી આપે તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૦**૨મી,** માહે–**જુલાઈ** સને **૨૦૨૬** ના ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

**સ્થળ: હિમતનગર**
**તારીખ:૦૨/૦૭/૨૦૨૬**

**(કૃષ્ણકાન્ત એન. દવે )**
**બીજા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**હિમતનગર**
**જજ કોડ:જીજે–૦૧૧૧૬**

//**Manish**//